જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૧૨/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૫ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૭૮૬ લીટર દેશી દારૂ, ૮૯૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૦૮૧/૨૦૨૩

**શાહપુરઃ** મોહમ્મદનવેદ મોહમ્મદસલીમ શેખ (ઉ.વ.૨૬)(રહે.દીપા ફ્લેટ બાઈ સેન્ટર ખાનપુર શાહપુર) એ તા.૨૭/૧૨/૨૦૨૩ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૩ ના કલાક ૧૨/૩૦ વાગ્યા થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન શાહપુર કામા હોટલ પાસે રોડ ઉપર આરોપી ચંદ્રરાજ જસવંતસિંહ ગોહિલ (રહે.દરબારગઢ ઓદરખા ઘોઘા ભાવનગર) એ મોહમ્મદનવેદ શેખની સિફ્ટ ગાડી નંબર જીજે.૦૧. ડબલ્યુ.ઇ. ૯૮૬૧ રૂપિયા ૧૫૦૦/- ના એક દિવસના ભાડા પેટે નક્કી કરી લઈ જઈ, શરૂઆતમાં વીસ દિવસનું ભાડું ચૂકવી આપી ત્યારબાદ આજદિન સુધીનું બાકી ભાડુ રૂપિયા ૧,૧૨,૫૦૦/- નહીં ચૂકવી તેમજ કાર ની કિંમત રૂપિયા ૬,૫૦,૦૦૦/- લઈ જઈ મોહમ્મદનવેદ શેખ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.પરમાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૨/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** પિયુષભાઇ શીવશંકર સોમપુરા (ઉ.વ.૫૭)(રહે.હરીવીલા ફ્લેટ, જે.કે.પાર્ક સોસાયટીની બાજુમા, ગોતા રોડ, ચાંદલોડીયા) એ તા.૨૭/૧૨/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૨)સોનાની નાની બુટ્ટી નંગ-૦૨ કિંમત રૂપિયા ૯૦૦૦/- (૩) સોનાની નાની વીંટી નંગ-૦૫ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- (૩)સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- (૪)ચાંદીના છડા કુલ નંગ-૦૫ તથા ચાંદીની લકી નંગ-૦૨ અને ચાંદીની માછલી-ચાંદીની પાયલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૩/૨૦૨૩**

**ઓઢવઃ** દેવેન્દ્રભાઈ ગોરખનાથ શુક્લા (ઉ.વ.૨૯)(રહે.સોના-આકૃતી ફ્લેટ ગેરતપુર રેલ્વે સ્ટેશન પાસે હાથીજણ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાની ટાટા ટીયાગો ફોર વ્હીલર કાર ઓઢવ રણછોડજી મંદીર નજીક ત્રણ રસ્તા મકાન નંબર-૧૫૪ સામે રોડ ઉપર આવતા મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યા પુરૂષે દેવેન્દ્રભાઇની કારના ખાલી સાઈડના દરવાજાના કાચ ઉપર હાથ મારી કાર ઉભી રખાવી, દેવેન્દ્રભાઇ નું ધ્યાન પોતાની તરફ દોરાવી બીજી મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષે કારની ખાલી સાઈડના દરવાજામાંથી કારની આગળની ડેકીમાં મુકેલ રોકડ રૂપિયા ૫,૦૦૦,૦૦/- ચોરી કરી લઇ બંને મોટર સાયકલ ઉપર ત્રણેય અજાણ્યા પુરૂષો નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૪/૨૦૨૩**

**ઇસનપુરઃ** બીટુ સ/ઓ જતીન દાસ (ઉ.વ.૩૧)(રહે.ચંદનપાર્ક સોસાયટી ચંડોળા તળાવ પાછળ કોમલપાર્ક બાજુમાં, ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનના ધાબાની ઓરડીની અંદર પોતાની જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી